# દરિયાકિનારાના ગામો અને તેની જમીનઃ પ્રશ્નો ઘણા છે, ચિંતા થોડી છે

## ખારો દરિયો, કાઠો દરિયો

નાહેદા શેખ

ધરતીના તળ પર માનવજાતની પહેલ વહેલી શોધ એ આજનો તેનો મુખ્ય આધાર છે. ખેતીની આવક પર નિર્ભર એવો એક એક વર્ગ અને તેની ઉપર નિર્ભર બીજા વર્ગો. પણ ક્યાંક તો જમીનને સાચવી સારી ખેતીની ઉત્પાદકતા મેળવી રહ્યા છે, તો ક્યાંક અજાણ્યે પોતાનાથી જ જમીનને નુકસાન પહોંચે છે તેની શિક્ષા ભોગવી રહ્યા છે. શહેરી વિસ્તારમાં ગંદકીથી ખદબદતું શહેર અને ઢગલો ને ઢગલો કચરાની સાથે તેના પ્રશ્નો, જ્યારે ગ્રામ્ય વિસ્તારના પેસ્ટીસાઇડ્સ અને કૃત્રિમ ખાતરના ઉપયોગથી બગડતી જમીન અને તેના પશ્નો પણ ક્યાંક તો માનવજાત પોતે જ પોતાના પ્રશ્નોને ઊભા કરી તેનું નિરાકરણ શોધ્યા કરે છે. જમીન અને તેની સાચવણી જેટલી જરૂરી છે એટલી જ સાચવણી દરિયાકિનારાની જમીન મહત્ત્વની છે, દરિયા અને જમીનની સીમને જોડતા ગામો અને તેના પ્રશ્નોની પણ, ચર્ચા કરવી જરૂર નહિ પણ ગંભીરતાથી એ વિષયે વિચારણા કરવી જરૂરી છે. દરિયાકાંઠાની જમીન, જ્યાં કુદરતની સામે નિઃસહાય બની રહેતો માનવી. દરિયાની વધતી જતી સપાટી, ગ્લોબલ વોર્મિંગની વ્યાખ્યાનો મુખ્ય ભાગ છે. પ્રદૂષિત વાતાવરણ, પીગળતી હિમશીલા અને તેનો દરિયામાં સમાવેશ, તેમજ દરિયાના પાણીનું વધતું ઉષ્ણતામાન. કુદરતી બદલાવ હોવા છતાં ક્યાંક તો માનવ જાતને સીધી અસર કરે છે. દરિયાની વધતી જતી સપાટી સેન્ટીમીટર કે મિલિમીટરમાં વધતી રહી છે, પરંતુ પ્રદેશ આખાને અસર કરતી આ સપાટી દેખાય છે તેનાથી વધુ જમીનને ખારી કરે છે. જ્યાં મીઠા પાણી, ખારા પાણીમાં ફેરવાઈ જાય છે અને પાણીનો ઉપયોગ કરી શકાતો નથી. દરિયાની વધતી જતી સપાટીના મુખ્ય બે કારણો તારવવામાં આવ્યા છે, દરિયાના પાણીની ઉષ્ણતા અને પીગળતી જતી હિમશીલા. ૨૦૦૭માં ઇન્ટરગવર્નમેન્ટ પેનલ ઓન ક્લાઇમેન્ટ ચેન્જ દ્વારા કરવામાં આવેલા અભ્યાસ મુજબ, દરિયાની સપાટી ૧૮થી ૫૯ સે.મી. જેટલી વધી છે. જેમાં અકલ્પીત વાતાવરણના કાર્બન સાયકલની ગણતરી કરવામાં આવી ન હતી. જ્યારે ૨૦૧૦માં થયેલ યુ.એસ. નેશનલ રિસર્ચ કાઉન્સીલે કરેલાં અભ્યાસ મુજબ, દરિયાની સપાટી ૫૬થી ૨૫૦ સે.મી. સુધી વધી છે. દરિયાની વધતી જતી સપાટીના લાંબા ગાળે અને ટૂંકા ગાળાના પરિબળો અસર કરતાં જોવા મળે છછ. કેટલાક કારણો જે વર્ષમાં એકવાર



બનતાં હોય પણ સપાટી વધવાનું મોટામાં મોટું કારણ બની શકે, જેમાં વર્ષમાં એકવાર પણ ૧૨-૨૪ કલાકમાં સપાટી વધારી દે છે.

મીટરોલોજી અને ઓસેનોગ્રાફીમાં થતાં ફેરફાર એક કલાકથી મહિનાના સમયગાળામાં દરિયાની સપાટી વધારી શકે છે. જેમાં, વાતાવરણનું દબાણ, પવન, પાણીની ઊંડાઈ તેનાં કારણો હોઈ શકે. બદલાતી ઋતુ, દરિયાના પાણીનું ઋતુગત સમતોલપણું (એટલાન્ટિક, પેસિફિક અને ભારતીય દરિયાના પાણીમાં નદીમાંથી આવતું પૂરનું પાણી બેથી છ મહિનામાં એક મીટર જેટલો વધારો કરી શકે. દરિયાના મોજાં, ધરતીકંપ અને સુનામી જેવી કુદરતી પ્રકોપ એકાએક સપાટી વધારવાનું કારણ બની છે. જેમાં એક મિનિટથી એક કલાકમાં દસ મીટર જેટલી સપાટી વધારી શકે છે. લાંબાગાળાના અસર કરતાં મુખ્ય પરિબળોમાં, પાણીનું ઉષ્ણતામાન અને નદી-તળાવનું ઉમેરાતું પાણી છે. ૧૯૯૩થી ૨૦૦૩ના સમયગાળામાં દરિયાની સપાટી વધવાનું પ્રમાણ પાછલાં વર્ષો કરતાં વધુ નોંધાયું છે. યુ.એસ.માં થયેલા એક અભ્યાસનાં આધારે, ૨૦મી સદીમાં નોંધાયેલી દરિયાની સપાટીનો વધારો પાછલાં બે હજાર વર્ષોમાં નોંધાયેલા આંકડાઓમાં સૌથી વધુ છે. હાલ અને ભવિષ્યની જો ચિંતા કરીએ તો, દરિયાકાંઠાના વિસ્તારોને મહાદુર્ઘટનાનો વિશેષ ભય રહેલો છે. જેમાં વિશ્વસ્તરે ન્યુ યોર્ક અને લંડનમાં સુરક્ષા જરૂરી બનશે. નાઇજીરીયાના દરિયાકાંઠાના ૭,૪૦,૦૦૦ લોકોનું સ્થળાંતર, ૨૦૦ મિલિમીટર વિસ્તાર વધવાના પરિણામનું એક ઉદાહરણ છે. યુ.એન. એન્વાયર્નમેન્ટ પેનલ દ્વારા વિશ્વના દરિયાકાંઠાના પ્રદેશોને, પહેલેથી ચેતવણી આપવામાં આવી છે. ૨૧૦૦મી સદી સુધીમાં આજે થયેલ વધારા કરતાં બે ગણી ઝડપથી સપાટીમાં વધારો થશે.

વિશ્વ સ્તરે થઈ રહેલાં દરિયાના વિસ્તારની અસર સીધી ભારતના દરિયાકિનારે જોડાતાં રાજ્યોને પડે છે અને ગુજરાત એ પણ દરિયાકાંઠે જોડાયેલો પ્રદેશ છે જ્યાં દરિયાકાંઠે વસતા લોકોને તે દરિયાના પાણીની સપાટી વધવાની સીધી અસર ભોગવવી પડે છે.

ભારતનાં ભૂગર્ભમાં રહેલો પાણીનો સ્રોત અને તેનો વપરાશ, સામાન્ય માનવીની કલ્પના બહાર છે. શહેરી વિસ્તારમાં ઉદ્યોગોમાં વપરાતું પાણી, ગ્રામ્ય વિસ્તારમાં ખેત-પશુપાલનમાં વપરાતું પાણી અને પીવાનું પાણી આમ પાણીનો સ્રોતનો વપરાશ છે. જ્યાં દરિયાકાંઠાના વિસ્તારોમાં થતી ખેતીમાં ભુગર્ભમાં રહેલું મીઠું પાણી જ ઉપયોગમાં લેવામાં આવે છે, અહીંના પેટાળમાં મીઠું અને ખારું પાણી રહેલું છે. મીઠું પાણી ખેતીમાં, પીવા માટે વાપરવામાં આવે ત્યાં મીઠાના પાણીને ખેંચતા તેનું સ્થાન ખારું પાણી લઈ લે છે. અને તેની સાથે જોડાયેલાં આખા વિસ્તારને ખારું કરી દે છે. આમ, દરિયાકાંઠાના ખેડૂતોની આજીવિકામાં ખારા પાણીનો પ્રશ્ન સીધો અઅર કરે છે. કેટલાંક પાકો જે ખારા પાણીના કારણે થઈ શકતા જ નથી. નારિયેળ જેની સૌથી વધુ ઉત્પાદકતા દરિયાકાંઠે થતી હોય છે, ખારા પાણીનું પ્રમાણ વધવાને કારણે ફળ ઓછાં થતાં ગયા છે, જ્યાં નાગરવેલ અને શેરડી વર્ષો પહેલાં અહીંના ખેડૂતોનો મુખ્ય પાક હતો. આજે વર્ષોથી ખેડૂતોએ તેના વિશે વિચારવાનું જ છોડી દીધું છે. *(ક્રમશઃ)* ■

*(સેન્ટર ફોર સાયન્સ એન્વાયરમેન્ટના સંશોધન કાર્ય હેઠળ કરેલ સંશોધનના આધારે)*

---

*(કવરસ્ટોરીનું અનુસંધાન)*

વૃક્ષ ઘણું મોટું થયા પછી જૂનાં પાન ખરી પડે અને બીજી કૂંપળો ફૂટી નવી ડાળીઓ આવે, પરંતુ વૃક્ષનો જીવનરસ તો એ જ છે. એ તો સદાય લીલું ને લીલું જ. સમય થયા પછી ખરે તે 'કુદરતી' કહેવાય, પરંતુ સડો લાગવાથી ખરે એને કસમયે ખરેલું પાન કહેવાય. જગતમાં જેઓ જન્મે છે તેઓને મૃત્યુ નિશ્ચિત છે, પરંતુ વ્યસનમાં રોગનો ભોગ બની મૃત્યુ પામે એ સડો લાગેલા વૃક્ષનાં પાન જેવાં હોય છે વ્યસનને આધીન વ્યક્તિ પોતે તો દુઃખી થાય જ છે. પોતાનાં સગાં, સંબંધી, મિત્રમંડળ સૌને દુઃખી કરે છે. જે પણ વ્યસન હોય કે નશો કરવાની કુટેવ હોય તે અંદરોઅંદર મનુષ્ય માત્રનાં હાડકાંમાં પ્રસરી શરીરમાં અણુએ અણુમાં જઈ વ્યક્તિને તદ્દન ખોખલા કરી નાખે છે અને અંતે મનુષ્ય મૃત્યુ પામે છે. ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે 'પાપ કરનાર પાપી વ્યક્તિનો નાશ થાય છે', પરંતુ વ્યસન કે નશો પોતાની સાથે પોતાના ઘર, કુટુંબનો પણ નાશ કરે છે. તેથી વ્યસનમુક્તિ અને નશામુક્તિ માટે પ્રયત્નશીલ છીએ. જન્મ થયા પછી શૈક્ષણિક લાયકાત મેળવી કમાઈને કુટુંબીજનોનું ભરણપોષણ કરવું એ મનુષ્ય માટે ફરજિયાત છે, પણ તેઓના ઘરમાં કામ કરનારા અને ખાનારા વધી જાય ત્યારે બાળકોને ભણતરનું જ્ઞાન ન આપી કમાવાનું શીખવાડી કામ કરતાં કરી દેવામાં આવે છે. બિનઅનુભવી અને બાળક તેથી મહેનતાણું પણ ઓછું મળે છે છતાંય વસતિવધારો, ઘરમાં ચાલતી બીમારીઓ-લાચારીઓને લીધે બાળકોને ચાની કે બીજી લારી પર કે મોટી કંપનીઓમાં ઓછા પગારે નોકરી અપાવવામાં આવે છે. બહેનોની એથીયે કફોડી હાલત થાય છે. ઘરકામ, વાસણ સાફ કરવા વગેરે. આ બધાં કામ નાની વયનાં છોકરા-છોકરીઓ કરે છે એટલે બાળમજૂર જ કહેવાય. બાળ મજૂર થતા અટકાવવા અને જે બાળકો ભણવા ઇચ્છતા હોય તેઓને ભણાવવા એ આ રંગઅવધૂત માનવધામ ટ્રસ્ટ સદૈવ અગ્રેસર રહ્યું છે.

આ ઉપરાંત નારી તું નારાયણી એટલે નારાયણને પણ જન્મ આપનારી નારી. ભારતવર્ષની સંસ્કૃતિમાં માતૃશક્તિને દેવી માનેલી છે. નારીમાં એટલી બધી અગણિત શક્તિઓ સમાયેલી છે કે કેટલીક વાર નારી પોતે પણ સમજી નથી શકતી કે એ કેટલાં મહાન કાર્યો કરવા તે સર્જાયેલી છે કે મહાન કાર્યો કરી શકે છે છતાં એ સાસરિયાંઓના દબાણને લીધે કે ખાસ કરીને પતિ-પરમેશ્વરની ઇચ્છાને માન આપી સગર્ભા સ્ત્રીભ્રૂણનું પરીક્ષણ કરાવી જો છોકરી હોય તો તે ગર્ભ કઢાવી નાખે છે. તેથી બેટી બચાવવાને બદલે બેટી તો ગુમાવે જ છે. બાળહત્યા કરી પાપનાં પણ ભાગીદાર થાય છે. તે સ્ત્રી એ નથી સમજતી કે એ પણ કોઈકની દીકરી જ છે. દીકરી જન્મી તો તે આગળ પત્ની, મા કે બીજા દરજ્જા મેળવે છે. સ્ત્રી ભ્રૂણહત્યા ન થાય માટે પણ ઠેરઠેર શિબિર કરી 'બેટી બચાવ' આંદોલન રંગઅવધૂત માનવધામ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.

બાળકોને બચાવવા માટે પ્રેરણા આપવી, જુવાન છોકરીઓ ને શિક્ષણ સાથે સમાજસેવા કરવા પ્રેરિત કરવા ભાઈઓ તથા બહેનોને સમાજિક સંસ્થામાં મદદ કરવા પ્રવૃત્ત કરવાં તથા એકબીજાને મદદ કરવાની પ્રવૃત્તિ કેળવાય માટે સંસ્થા ઠેકઠેકાણે ગામડાઓમાં શિબિરો કરે છે.

ખાસ કરીને બહેનોને ગૃહઉદ્યોગ તથા લઘુઉદ્યોગ શીખવાડી પોતાના પગ પર ઊભા રહેવાનું શીખવાડી પોતાના કુટુંબને મદદરૂપ થતાં શીખવવું અને કુટુંબની હાથલાકડી કઈ રીતે બનવું? બહેનોને એ જ્ઞાન સંસ્થા આપે છે. બાળકોને સંસ્કારી બનાવવા શું કરવું? વડીલોને માન આપવું, આવેલા મહેમાનોનો આદર કરવો, એ બધું સામાજિક જ્ઞાન સંસ્થા દ્વારા આપવામાં આવે છે.

સ્ત્રીભ્રૂણ હત્યા કરીને સ્ત્રીઓ કે કુટુંબીજનો માત્ર વર્તમાનનો જ વિચાર કરે છે, પણ ભવિષ્યમાં સ્ત્રીઓની સંખ્યા ઘટી જશે ત્યારે દીકરાનાં લગ્ન કોની સાથે કરવાં? એ પ્રશ્ન ઊભો થશે જ. જ્ઞાતિબહાર લગ્ન કરવાં હોય, આંતરધર્મીય લગ્ન કરવું હોય તો પણ આ પ્રશ્ન તો રહેવાનો જ છે. આપણે આજનો પ્રશ્ન ઉકેલવા જતાં ભવિષ્યનો વિચાર કરતા નથી એટલે એ દૃષ્ટિએ પણ વિચારવું જોઈએ. ફરી પાછા આપણે આદિમાનવની સ્થિતિમાં આવી જઈશું. આદિમાનવ ટોળામાં રહેતો અને સ્ત્રી માટે ઝઘડતો. જે બળવાન હોય તે સ્ત્રીનો માલિક બની જતો. સ્ત્રીની સંખ્યા ઓછી થતાં અપહરણ, બળાત્કાર જેવા ગુનાઓ બનશે. એમાંથી બહુપતિત્વની પ્રથા અસ્તિત્વમાં આવે તો આશ્ચર્ય નથી. માનવ અન્ય માનવનું સર્જન કરે એ કુદરતી પ્રક્રિયાને શા માટે રૂંધી નાંખવી?

સ્ત્રીભ્રૂણ હત્યા અસ્તિત્વમાં આવી એનું કારણ આપણા ખોટા સામાજિક કુરિવાજો છે. દહેજપ્રથાને કારણે દીકરીને જીવવા દેવી નહિ. દીકરી એ સાપનો ભારો એમ કહેવાયું. આજે દીકરીઓ નોળિયાના ભારા નથી? જે ઘરડાં મા-બાપને ઘરડાઘરમાં મોકલે છે, જ્યારે દીકરીઓ મા-બાપની સેવા કરે છે. જીકરી તો વ્હાલનો દરિયો છે. દીકરી વિના દાઝ નહિ એ જે કહેવાય તે સાચું છે. માટે આપણે આ દીકરીને દુનિયામાં આવવા દઈએ, સરસ રીતે ઉછેર કરીએ, એને કેળવણી આપીએ, તો જ આપણું કૌટુંબિક અને સામાજિક જીવન સમૃદ્ધ અને સદ્ધર બનશે.

રંગઅવધૂત માનવધામ ટ્રસ્ટની સેવાની સુવાસ સમગ્ર ગુજરાતમાં મહેકી ઊઠી છે. આ સંસ્થા નાત-જાત, ઊંચ-નીચના ભેદભાવ વગર દરેકની સેવા કરવા તત્પર છે. સંસ્થા ભૂખ્યાને ભોજન, વસ્ત્રહીનને વસ્ત્ર, નિરાધારને આધાર, માંદાને માવજત અને અભણને અક્ષરજ્ઞાન આપી રહી છે. સંસ્થાનાં પ્રમુખ અંજલિબહેન એક શબ્દમાં કહે છે કે, 'જો એક વ્યક્તિ ફક્ત એક વ્યક્તિના દુઃખમાં સહાયભૂત થાય, તો જગતમાં માનવીય દુઃખની માત્રામાં નોંધપાત્ર ઘટાડો થયા વગર રહેતો નથી.' જેમને ઈશ્વરે સારી આર્થિક સ્થિતિનું વરદાન આપ્યું છે, એવા સર્વ મહાનુભાવોને અમારી નમ્ર વિનંતી છે કે ઉપયુક્ત ઉમદા હેતુ માટે આપની ઉદારતાને વિસ્તારી સમાજક્યાણના આ યજ્ઞમાં યથાશક્તિ નાણાંકીય મદદની આહુતિ આપી સત્કર્મ કર્યાનો સંતોષ પ્રાપ્ત કરો. ■




**રંગઅવધૂત માનવધામ ટ્રસ્ટ**
(આવકવેરાની કલમ ૮૦, જી અંતર્ગત આયકર માફી)
બી, ૨૪, યોગી આશિષ સોસાયટી,
'રંગવિશ્રામ' માધવપાર્ક સામે, સન ફાર્મા રોડ,
અટલાદ, વડોદરા. ફોન (૦૨૬૫) ૨૩૩૮૨૪
મોબાઈલ ફોનઃ ૯૪૦૮૦ ૮૦૮૪૦

*લેખક 'ગુજરાત ટાઈમ્સ'ના સંવાદદાતા છે.*